## વડીલોને વંદન અભિનંદન



દિનેશચંદ્ર રમેશચંદ્ર શાહ
(૧૯૪૪) ફોન : ૨૩૨૩૦૪૩૫

# પાલનપુર નગરપાલિકાને સુપરસીડ કરો : કોંગ્રેસ

### કોંગી નગરસેવકો અને ધારાસભ્યની ગેરહાજરીમાં ગણ્યા - ગાંઠ્યા કોંગી કાર્યકરોએ ક્લેકટરને પાઠવ્યું આવેદનપત્ર

પાલનપુર, તા. ૭
ભાજપ શાસિત પાલનપુર નગરપાલિકાના રાજમાં ગેરરીતી અને ખાયકીનો ખેલ ભજવાઈ રહયો છે. અણઘડ વહીવટ તળે પાલિકા નગરજનોને પ્રાથમિક સુવિધાઓ આપવામાં પણ નિષ્ફળ રહી હોવાના આક્ષેપો સાથે પાલનપુર શહેર કોંગ્રેસ દ્વારા જીલ્લા કલેટરને લેખિત આવેદનપત્ર સુપ્રત કરાયું હતું. જેમાં પાલનપુર નગરપાલિકાને સુપરસીડ કરવાની માંગ કરવામાં આવી હતી. જોકે, આવેદનપત્ર આપવા ટાણે ખુદ પાલનપુર પાલિકામાં કોગ્રેસના ચૂંટાયેલા નગરસેવકો સહિત નગરસેવક કમ ધારાસભ્ય મહેશભાઈ પટેલ ખુદ ગેરહાજર રહેતા શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા પાઠવાયેલા આવેદનપત્ર ખુદ પાલિકાના શાસકપક્ષના આંતરીક ડખાને લઈને રાજકીય ઈશારે અપાયું હોવાની ચર્ચાએ જોર પકડયું હતું.

પાલનપુર શહેર કોગ્રેસ સમિતિએ આજે જીલ્લા કલેકટર જે.જી.હિંગરાજીયાને લેખિત આવેદનપત્ર પાઠવ્યું હતું. જેમાં ભાજપ શાસિત પાલિકાનો વહીવટ પર અંકુશ રહયો નથી. પાલિકાના ઓ.એસ. લાંચ લેતા ઝડપાઈ ચુકયા છે. વળી, ઘરની નંબર પ્લેટમાં પણ મસમોટું કૌભાંડ આચરાયું છે. શહેરમાં ગંદકીનું સામ્રાજય પ્રવર્તી રહયું છે. જેના પગલે રોગચાળની ભીતી સેવાઈ રહી છે. ત્યારે વહીવટ આપવામાં બિનકાર્યક્ષમ સાબિત થયેલી પાલનપુર નગરપાલિકાને સુપરસીડ કરવાની માંગ કરાઈ હતી.

જોકે, આંગળીના વેઢે ગણી શકાય તેટલા કોંગ્રેસી કાર્યકરોએ જ આવેદનપત્ર પાઠવ્યું હતું. જેમાં ખુદ કોગ્રેસના પાલિકામાં ચૂંટાયેલો એકપણ નગરસેવક હાજર ન રહેતા શહેર કોગ્રેસ સમિતિ દ્વારા અચાનક પાલિકાને સુપરસીડ કરવાની કરેલી માંગને લઈને અનેક તર્ક–વિતર્કો વહેતા થયા હતા.

### કોગ્રેસનું આવેદનપત્ર સસ્તી પબ્લીસીટી મેળવવાનો સ્ટંટ : પાલિકા પ્રમુખ

પાલનપુર શહેર કોગ્રેસે પાલનપુર પાલિકાને સુપરસીડ કરવાની માંગ સાથે આપેલું આવેદનપત્ર એ નર્યો પબ્લીસીટી સ્ટંટ છે. ભાજપ શાસિત પાલનપુર નગરપાલિકામાં પ્રમુખપદનો ચાર્જ સંભાળ્યા બાદ અમારી ટીમે ખુબજ કરકસરભર્યો પારદર્શી વહીવટ આપવાનો પ્રયાસ કર્યો છે. અમોએ ખુબ જ ટુંકા ગાળામાં પાલિકાને આર્થિક સધ્ધરતા બક્ષવા માટે લીઝધારકો સહિતના રીઢા બાકીદારો સામે કડક હાથે કામ લઈ નોટીસો ફટકારી છે. પાલિકા સમક્ષ આવતી રજુઆતો ત્વરીત ગતિએ નિકાલ કરવાનો હરહમેંશ પ્રયાસ થાય છે. પાલિકાની સાધારણસભામાં પણ વિપક્ષોનો અવાજ રૂંધવાનો અમોએ પ્રયાસ કર્યો નથી. ત્યારે ખુદ કોગ્રેસી નગરસેવકોની ગેરહાજરીમાં શહેર કોગ્રેસ દ્વારા અપાયેલું આવેદનપત્ર સસ્તી પ્રસિધ્ધિથી વિશેષ કંઈ જ ન હોવાનું પાલિકા પ્રમુખ હસમુખ પઢિયારે જણાવ્યું હતું.

# પાલનપુરનો હિન્દુ યુવાન બન્યો કોમી એકતાનું પ્રતિક

### છેલ્લા ૧૨ વર્ષથી મોદી યુવાન રાખી રહયો છે રોઝા : ધાર્મિક કટ્ટરપંથીઓને નવો રાહ ચીંધતો પાલનપુરનો યુવાન

દેશની સાંપ્રત પરિસ્થિતિમાં વોટબેંકની રાજનીતીના પાપે વિવિધ જાતિ–ધર્મ અને સંપ્રદાય વચ્ચે નફરતના બી રોપાઈ રહયા છે. ત્યારે સરહદી બનાસકાંઠા જીલ્લા મુખ્યાલય પાલનપુરનો મોદી યુવાન રમઝાન માસમાં રોઝા રાખી કોમી એકતાની મિશાલ પુરવાર થઈ રહયો છે.



જી હાં..., આજે, વોટબેંકની રાજનીતીને કારણે દેશમાં ધાર્મિક કટ્ટરવાદ વચ્ચે વૈમનસ્યભર્યુ વાતાવરણ જોવા મળી રહયું છે. ત્યારે પાલનપુરનો હિન્દુ યુવાન ''અનેકતામાં એકતા– ભારતની વિશેષતા''નો પરિચય કરાવી રહયો છે. પાલનપુરનો મનોજકુમાર બાબુલાલ મોદી નામનો યુવાન છેલ્લા ૧૨ વર્ષથી મુસ્લિમ સમાજના રમઝાન માસ દરમિયાન રોઝા રાખી ખુદાની ઈબાદત કરી રહયો છે. શહેરના ત્રણબત્તી બહાદુર ગંજ વિસ્તારમાં રહેતો મોદી યુવાન ''ઈશ્વર–અલ્લાહ તેરો નામ, સબ કો સન્નમતિ દે ભગવાન''ની પ્રાર્થના સાથે રામ–રહીમના ગુણલાં ગાઈ રહયો છે.

''મજહબ નહી સીખાતા આપસમે બેર રખના''ના નારા સાથે પાલનપુરનો મોદી યુવાન હિન્દુ–મુસ્લિમ સમાજમાં કોમી એકતા અને ભાઈચારાનો સંદેશો ફેલાવી રહયો હોવાનું પાલનપુર શહેર કાઝી ઝહીરૂદ્રીને જણાવ્યું હતું.

જોકે, કોમી એકતા અને સદ્ભાવનાનો ઢોલ પીટતા દંભી રાજકીય પક્ષો, સંસ્થાઓ કે બિન સાંપ્રદાયિકતાનો અંચળો ઓઢીને ફરતા પ્રબુધ્ધ નાગરીકો સામે પાલનપુરનો મોદી યુવાન એક નવો રાહ ચીંધી રહયો છે. આમ, લાખો–કરોડો રૂપિયાનું આંધણ કર્યા વિના જ, દારૂણ પરિસ્થિતિમાં જીવન ગુજારતો રત્નકલાકાર હિન્દુ યુવાન સમાજમાં સદભાવના અને ભાઈચારાનો સંદેશો ફેલાવી રહયો છે.

## આર.એન.પટેલ પ્રાયમરી સ્કૂલનું ગૌરવ

ગાંધીનગર, તા. ૭
ગાંધીનગરની જાણીતી સંસ્થા સર્વ વિદ્યાલય કેળવણી મંડળ(કડી)ની આર.એન. પટેલ પ્રાયમરી સ્કૂલના ત્રણ વિદ્યાર્થીઓ જિલ્લાકક્ષાની ચેસ (અન્ડર-૧૪)માં પ્રથમ, બીજુ અને ચોથુ સ્થાન પ્રાપ્તકરી શાળાને ગૌરવ અપાવ્યું છે.

ગાંધીનગર જિલ્લાકક્ષાએ રમાયેલી ચેસ (અન્ડર-૧૪)ની રમતમાં ૭૪ વિદ્યાર્થીઓમાંથી આ શાળામાંથી ચાર વિદ્યાર્થીઓએ શાળાનું પ્રતિનિધિત્વ કર્યું હતું. ત્રણ વિદ્યાર્થીઓ ઝળહળતી સફળતા મેળવી હતી. જેમાં પ્રથમ પાઠક રૂદ્ર શ્વેતલભાઈ ધોરણ-૭-એ, બીજા ક્રમે પટેલ રાજ શૈલેષભાઈ ધોરણ-૭-એ અને ચોથુ સ્થાન મહેતા જયદેવ બિપીનભાઈ ધોરણ-૮-ડી એ પ્રાપ્ત કરેલ છે. આજ સ્પર્ધામાંથી રાજ્યકક્ષા માટે મોકલવાના પાંચ ખેલાડીઓ પૈકીના છે. જે શાળા માટે ગૌરવ લેવા જેવી વાત છે.

## સંસ્કાર ગૃપ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ફ્રેન્ડશીપ ડેની અનોખી ઉજવણી

ગાંધીનગર નેચરલ કલબ દ્વારા (સંસ્કાર ગૃપ) તાજેતરમાં ઉજવાઈ ગયેલ ફ્રેન્ડશીપ ડે ની ઉજવણી અનોખી રીતે કરવામાં આવી હતી. જેમાં બાળકો દ્વારા ઉગાડવામાં આવેલ રાહીલ નામના સેવનના વૃક્ષને શુશોભીત કરી પૂજા અર્ચના કરવામાં આવી હતી અને મીઠુ મો કરવામાં આવ્યું હતું. જેમાં ટ્રસ્ટના સર્વે સભ્યો દ્વારા પ્રતિજ્ઞા લીધેલી કે વૃક્ષને મિત્ર બનાવીશું અને તેનું રક્ષણ કરીશુ . આ કાર્યક્રમને સફળ બનાવવા સભ્યો વાલીઓ તેમજ માળી રમેશજી કાન્તિજી ઠાકોર અને અને શૈલેષભાઈ વ્યાસે સહયોગ આપ્યો હતો. આજ સંસ્થા આગામી દિવસોમાં રક્ષાબંધન અને વન્ય પ્રાણી સપ્તાહની ઉજવણી કરવામાં આવનાર છે.

## મહર્ષિ અત્રિ માધ્યમિક શાળાના ખેલાડીઓનો કબડ્ડીમાં ઉત્કૃષ્ટ દેખાવ

ગાંધીનગર, તા. ૭
ગાંધીનગર નજીક પીંપળજ ગામે આવેલી મહર્ષિ અત્રિ માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓએ આજરોજ યોજાયેલ કબડ્ડી સ્પર્ધામાં સુંદર દેખાવ કરી શાળાનું ગૌરવ વધાર્યુંછે.

રાંધેજા વિભાગ કક્ષાની કબડ્ડી સ્પર્ધામાં મહર્ષિ અત્રિ માધ્યમિક શાળાના ધોરણ-૮ના ખેલાડીઓ અંડર-૧૪માં વિશાલ કે. પટેલ, જય એસ. પટેલ, યશ ડી. પટેલ, કૌશીક પટેલ, હરેશ સોલંકી, મિહિર ઠાકોર, રામ પટેલ, માનવ જાદવ, રાજ ઠક્કર, વૈભવ પટેલ, ફેનિલ મિયાણી, પૂનિત પટેલે ઉત્કૃષ્ટ દેખાવ કર્યો હતો. જ્યારે ધોરણ-૧૦ના અંડર-૧૬, ૧૭ના ખેલાડીઓ જય પટેલ, સમ્યક પટેલ, મીત પટેલ, હર્ષ પટેલ, પટેલ હર્ષ કનૈયાલાલ, ગોવિંદ સુથાર, ધનંજય પટેલ, પાર્થ પટેલ, કેવલ પટેલ, મહેશ વાઘેલા, કશ્યપ પાવરા સહિત શાળાના તમામ ખેલાડીઓએઆ સ્પર્ધામાંઉત્કૃષ્ટ પ્રદર્શન કરી સફળતા મેળવી હતી. તમામ ખેલાડીઓનેશાળાના ટ્રસ્ટી અનેજિલ્લા વ્યાયામ મંડળના મહામંત્રી શૈલેષ પટેલ તેમજ શાળાના આચાર્ય તથા શાળા પરિવારે અભિનંદન પાઠવી શુભેચ્છા પાઠવી હતી.



(તસવીર : જેણુભા વાઘેલા, પાટણ)

## ફુટસેલરની કલીપ ઉતારી ૨૫ લાખની માંગણી

ફુટવાળા વેપારીને ભોળવીને ફુટ આપવા ગેસ્ટ હાઉસમાં ફોન કરીને બોલાવી ફુટ સેલરને મહિલાએ ઉત્તેજીત કરી શરીર સુખ માણ્યું હતું. બીજે જ દિવસે એક શખ્સનો ફુટ સેલર પર ફોન આવ્યો અને કહ્યું કે રાજપુર આવી જાવ નહીંતર ભવાડો કરી નાંખીશ. ફુટ સેલર રાજપુર પહોંચ્યો ત્યારે ઈટીઓસ કારમાં લેપટોપ લઈને બેઠેલા શખ્સે તેને ગાડીમાં બેસાડી મહિલા સાથે માણેલા શરીર સુખની કલીપીંગ બતાવી હતી. રૂ. ૨૫ લાખ માંગીને બ્લેકમેલીંગ શરુ કરી દીધું હતું. વાતચીતના અંતે એક લાખ રૂપિયામાં માની ગયા હતા. આ સંદર્ભે ફુટ સેલર રાવળ દિપેશે પાટણ એલસીબીને ફરિયાદ કરી હતી. પોલીસે છટકું ગોઠવીને ઊંઝા રોડ પરથી આ બ્લેકમેલિંગ કેસમાં સંડોવાયેલી ૩ છોકરીએ તથા બે દલાલોને પકડી પાડયા હતા. ૩ યુવતીઓ ઉપરાંત પરેશ રાવળ અને રમેશ રબારીને પકડી પાડી તેમના વિરુધ્ધ ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

## ગેસ કનેક્શનના મામલે મોઈલીને આવેદન પત્ર

રાષ્ટ્રીય અગ્રણી અને રાજ્યસભાના સાંસદ પરશોત્તમભાઈ રૂપાલાની આગેવાનીમાં રાજ્યના સાંસદો મનસુખભાઈ માંડવીયા, ભરતસિંહ પરમાર, નટુજી ઠાકોર, શંકરભાઈ વેગડ, દિલીપભાઈ પંડ્યા, નારણભાઈ કાઠડીયા વગેરે આજે કેન્દ્રના પેટ્રોલીયમ મંત્રી વિરપ્પા મોઈલીને મળીને આવેદન આપ્યું હતું. આવેદન પત્ર આપી સાંસદોએ રાજ્યના ભાવનગર, અમરેલી, કચ્છ, પાટણ, બનાસકાંઠા જેવા જીલ્લાઓમાં ગુજરાત સરકાર દ્વારા ઘેર ઘેર ગેસ પહોંચડવાના પ્રયત્નોમાં ઈન્ફ્રાસ્ટચર તૈયાર હોવા છતાં આડ ખીલીરૂપ બનતા કેન્દ્રના પેટ્રોલીયમ ખાતા તરફથી યોગ્ય મંજુરી ન અપાંતા ગેસ પહોંચાડી શકાતો નથી.

## મહેસાણા જિલ્લાના ઉનાવા ખાતે જિલ્લા કક્ષાનો વાવે આરોગ્ય ધામ કાર્યક્રમ યોજાયો

લોકોમાં જાગૃતિ આવે અને પર્યાવરણનું જતન કરતા થાય તે માટે રાજ્યમાં વન મહોત્સવ ઉજવવામાં આવે છે. મહેસાણા જિલ્લામાં પણ કામલી ખાતે બ્રહ્માણી વનનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. વૃક્ષો પ્રત્યે સભાનતા કેળવાય અને મુખ્યમંત્રીશ્રીએ આપેલ સુત્ર વાવે ગુજરાત ખરા અર્થમાં સાર્થક થાય તે માટે જિલ્લા વિકાસ અધિકારીશ્રીની પ્રેરણાથી જિલ્લામાં સામુહિક આરોગ્ય કેન્દ્રો, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને સબ સેન્ટરોમાં રાજ્યમાં સૌ પ્રથમ વાવે આરોગ્ય ધામ અંતર્ગત વૃક્ષોનું વાવેતર કરવાનો નિર્ણય કર્યો છે. ઉનાવા પ્રાથમિક આરોગ્યકેન્દ્રમાં જિલ્લા કક્ષાનો વાવે આરોગ્ય ધામ કાર્યક્રમની ઉજવણી કરવામાં આવી હતી.

# લોકાયુક્ત મુદ્દે કોંગ્રેસ દ્વારા આજે મશાલ સરઘસ યોજવામાં આવશે

### અમદાવાદ ઉપરાંત વડોદરા, સુરત, રાજકોટમાં પણ મશાલ રેલી : આક્રમક રાજ્યવ્યાપી આંદોલન કરાશે : મોદી સરકાર રાજીનામું આપે : મોઢવાડીયા

અમદાવાદ, તા.૦૭
ગુજરાતના લોકાયુક્ત તરીકે ન્યાયધીશ આર.એ. મહેતાએ પદગ્રહણ કરવાનો ઈન્કાર કરી તેના કારણ દર્શાવતા સાત પાનાનો પત્ર મુખ્ય ન્યાયધીશ મારફતે રાજ્યપાલને મોકલી આપ્યો હોવાથી તેના ખુબ જ ઘેરા પ્રત્યાઘાત સર્જાયો છે. જસ્ટીસ મહેતાએ તેમના પત્રમાં ગુજરાત સરકારને પ્રો-ગર્વમેન્ટ હોય તેવા માણસોની જરૂર છે. અહીં તટસ્થ રીતે કામ કરી શકાય તેવું વાતાવરણ નથી તેવું આરોપનામું રજુ કરી લોકાયુક્ત પદનો સ્વીકાર કરવાની સ્પષ્ટ અનિચ્છા દર્શાવી હોવાનો મુદ્દો આગળ ધરી ગુજરાત કોંગ્રેસે લોકાયુક્તના મુદ્દે રાજ્યવ્યાપી આંદોલન કરવાની જાહેરાત કરી છે અને ભાજપ સરકારના રાજીનામાની પણ માંગણી કરી છે. લોકાયુક્તના મુદ્દે કોંગ્રેસે જાહેર કરેલા કાર્યક્રમ મુજબ તા. ૯મી ઓગસ્ટ ક્રાંતિ દિવસની પૂર્વ સંધ્યાએ એટલે કે આવતીકાલે તા. ૮મીએ સાંજે વીર કિનારીવાલાની પ્રતિમાથી એક મશાલ સરઘસ યોજવામાં આવશે. જે નહેરૂબ્રીજના નાકે ઈન્દુલાલ યાજ્ઞિકની પ્રતિમા પાસે જશે. અને ગુજરાતમાં લોકાયુક્તની નિમણુંકના મુદ્દે આંદોલનના શપથ લેવામાં આવશે. આ પ્રકારનું મશાલ સરઘસ આવતીકાલે સાંજે રાજકોટ, સુરત અને વડોદરા શહેરમાં પણ કોંગ્રેસ દ્વારા યોજવામાં આવશે. આવતીકાલના આ કાર્યક્રમ બાદ રાજ્યવ્યાપી અન્ય જલદ અને આક્રમક આંદોલનની પણ જાહેરાત કરવામાં આવશે તેમ કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ અર્જૂન મોઢવાડીયાએ જણાવ્યું હતું.

એક પત્રકાર પરિષદમાં અર્જુન મોઢવાડીયાએ મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી તથા ભાજપ સરકાર પર આકરા પ્રહારો કરતા જણાવ્યું હતું કે નિવૃત્ત ન્યાયાધીશ આર. મહેતા લોકાયુક્ત તરીકે પદગ્રહણ કરશે તેવી ગુજરાતના નાગરિકોને આશા હતી પણ ગુજરાતની ભાજપ સરકારે જે પરિસ્થિતિનું નિર્માણ કર્યુ તેના કારણે જાગૃત સંવેદનશીલ ન્યાયધીશ તરીકે તેમની વેદના સમજી શકાય તેવી છે. પત્રથી પ્રતીતી થાય છે કે ગુજરાતમાં કન્સ્ટીટયશન બ્રેકડાઉન છે. ગુજરાતની ભાજપ સરકારે પ્રો-ગર્વમેન્ટ અધિકારી / ન્યાયધીશ / લોકાયુક્ત ઈચ્છે છે અને જે તટસ્થ કામગીરી કરવા માંગે છે તેમને તેઓ એન્ટીગર્વમેન્ટ પ્રસ્થાપિત કરે છે. પદ લેતાં અટકાવવામાં આવે છે. ગુજરાતની ભાજપ સરકારે અને મુખ્યમંત્રી ખુદ રાજયપાલ અને હાઈકોર્ટ વિરૂદ્ધ રેલી યોજીને સૂત્રોચ્ચાર કરાવ્યા હતા. સુપ્રિમ કોર્ટના આદેશ છતાં આજદિન સુધી ગુજરાત સરકારે લોકાયુક્ત માટે જાહેરનામુ પ્રસિદ્ધ કર્યું હતું.

ગુજરાતની ભાજપ સરકારે અને મુખ્યમંત્રીમાં થોડી પણ શરમ હોય તો રાજ્યપાલની માફી માંગે અને લોકાયુક્ત તરીકે નિવૃત્ત ન્યાયધીશ આર.મહેતા સાહેબને વિનંતી સાથે પદ ગ્રહણ કરવા નિમંત્રણ આપવામાં આવે તેવી માંગ કરતા મોઢવાડીયાએ જણાવ્યું હતું કે લોકાયુક્તની કચેરીમાં પુરતી સુવિધા અને કર્મચારી આપવા જોઈએ. વગર માંગે પોતાના અનુકૂળ અહેવાલ માટે કમિશનની નિમણુંક કરનાર મુખ્યમંત્રી ભાજપ પક્ષ માટે ફંડ મેનેજર છે પરિણામે નેતૃત્વ આ મૌન ધારણ કરીને બેઠું છે.



## પાલનપુરમાં દેવીપૂજક સમાજ ધ્વારા દિવાસાની ઉજવણી

પાલનપુર ખાતે આજે દેવીપૂજક સમાજ ધ્વારા ''દેવ દિવાસા''ની પરંપરાગત રીતે ઉજવણી કરવામાં આવી હતી. જેમાં પાલનપુર પંથકના ૪૨ ગામોમાંથી આવેલા દેવીપૂજક સમાજના પરિવારજનોએ તેમના પૂર્વજોને ભાવભીના શ્રધ્ધાં સુમન અર્પણ કર્યા હતા. દેવ દિવાસો એટલે દેવીપૂજક સમાજનો પૂર્વજોને યાદ કરવાનો દિવસ. આજના દિવસે પાલનપુર ખાતે પાલનપુર પંથકનો દેવીપૂજક સમાજ સહ પરિવાર ઉમટી પડયો હતો. પાલનપુર ખાતે પોતાના પૂર્વજોની સમાધિ પર આવેલા દેવીપૂજક સમાજના લોકોએ રૂદન કરી તેમની યાદ તાજી કરી હતી. અને તેમની સમાધિ પર ફુલ હાર કરી શ્રીફળ ચડાવી, દિવો–અગરબત્તી કરી ભાવભીની શ્રધ્ધાંજલિ અર્પી હતી. આજના દિવસે દેવીપૂજક સમાજ પોતાના પૂર્વજોને યાદ કરી તેમને શ્રધ્ધા સુમન અર્પણ કર્યા બાદ જ ભોજન આરોગે છે. આમ, પાલનપુરમાં દેવીપૂજક સમાજ ધ્વારા ''દિવાસા'' પર્વની પરંપરાગત ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી.

## પદભાર સ્વીકારવા

● અનુસંધાન પહેલાનું ચાલુ

આધાર પર તેઓ પોતાની લોકાયુક્તના હોદ્દા માટે તૈયાર કરી શકતા નથી. જસ્ટિસ મહેતાએ કહ્યું છે કે સરકાર દ્વારા બિનજરૂરી લોકાયુક્તને લઈને તેઓ ઈચ્છુક નથી. રાજ્ય સરકાર તરફથી ટેકો મળી રહ્યો નથી. લોકાયુક્તના મામલે મોદી સરકાર અને રાજ્યપાલ કમલા બેનીવાલ આમને સામને આવેલા છે. આ મામલો સુપ્રીમ કોર્ટ સુધી પહોંચી ચૂક્યો છે. મહેતાએ પત્રમાં કહ્યુ છે કે તેઓ ગુજરાતના લોકાયુક્ત તરીકે આપવામાં આવેલી પોતાની મંજુરી વિનમ્રતાપૂર્વક પાછી ખેંચી રહ્યા છે અને આ હોદ્દાને સ્વીકારવાના ઈન્કાર કરી રહ્યા છે. તેમણે એમ પણ કહ્યુ છે કે વર્તમાન સ્થિતિમાં પોતાની ભૂમિકા યોગ્યરીતે અદા કરી શકશે નહીં. મહેતાએ ઉમેર્યુ છે કે તેઓ આ જવાબદારી સ્વીકારીને એવા લોકાયુક્ત બની શકે છે જ્યારે તેમની નિ:પક્ષતા અને વિશ્વસનિયતા સરકાર અને જાહેર અધિકારીઓને સ્વીકાર નથી. જેમના વલણની તપાસ લોકાયુક્તને કરવી પડે છે.અત્રે ઉલ્લેખનીય છે કે સુપ્રીમ કોર્ટ સમક્ષ સમીક્ષા અરજી, ક્યુરેટીવ અરજી થઈ ચૂકી છે.

આ સંબંધમાં ગુજરાત સરકાર દ્વારા ૪૫ કરોડ રૂપિયાની રકમ ખર્ચ કરવામાં આવી ચૂકી છે. જસ્ટિસ મહેતાએ પત્રમાં આ મુજબની બાબતોનો ઉલ્લેખ કર્યો છે. ગયા મહિનામાં જ સુપ્રીમ કોર્ટે ગુજરાત સરકારની ક્યુરેટીવ અરજીને પણ ફગાવી દીધી હતી. જેમાં લોકાયુક્તની નિમણૂંકના મુખ્ય મંત્રીની ભૂમિકાની પણ માંગ કરવામાં આવી હતી. મોદી સરકારનું વલણ એવું રહ્યું છે કે રાજ્યપાલ કમલા બેનીવાલ દ્વારા લોકાયુક્તની નિમણૂંક ગેરકાયદે છે. કારણ કે રાજ્ય સરકાર સાથે વાતચીત કર્યા વગર તેમની નિમણૂંક કરવામાં આવી છે. વર્ષ ૨૦૦૩ બાદથી ગુજરાતમાં લોકાયુક્તની નિમણૂંક કરાઈ નથી. લોકાયુક્તની નિમણૂંક ન કરવાથી મોદી સરકારને ઘણા મોરચે ટીકા ટિપ્પણીનો સામનો કરવો પડ્યો છે.

## ધરપકડના ભણકારા

● અનુસંધાન પહેલાનું ચાલુ

કલમ-૧૯૭ની જોગવાઈ અનુસાર કોર્ટમાં અરજી દાખલ કરી હતી પરંતુ સીબીઆઈ કોર્ટ તપાસ એનજસી સીબીઆઈની તરફેણમાં ચુકાદો આપી પાંડેની અરજી ફગાવી દીધી હતી. સીબીઆઈ રાજ્ય સરકારની પરવાનગી વગર પાંડેની ધરપકડ કરી શકશે. સીબીઆઈ કોર્ટે ધરપકડ ન કરવાની અરજી ફગાવી દેતા પાંડે સામે ધરપકડનો ખતરો તોળાઈ રહ્યો છે. જજ ગિતા ગોપી દ્વારા જામીન અરજી અગાઉ ફગાવી દેવામાં આવી હતી. ગુજરાત હાઈકોર્ટે અગાઉ છઠ્ઠી ઓગસ્ટ સુધી વરિષ્ઠ આઈપીએસ ઓફિસરની ધરપકડ ન કરવા સીબીઆઈને સૂચના આપીહ તી. ૧૯૮૨ની બેંચના આઈપીએસ ઓફીસર ઈશરત એનકાઉન્ટર કેસ વેળા અમદાવાદમાં જોઈન્ટ કમિશ્નર ઓફ પોલીસ(ક્રાઈમ) હતા.

ગુજરાત બાયોડાવર્સિટી બોર્ડ,
અરણ્ય ભવન, બી વીંગ, પાંચમો માળ, સેક્ટર-૧૦/એ, ગાંધીનગર
ફોન નં. : ૦૭૯-૨૩૨૫૭૯૫૦
વાહન ભાડે રાખવા અંગેની જાહેરાત
આથી રસ ધરાવતા તમામ ઈસમોને જણાવવાનું કે ગુજરાત બાયોડાયવર્સિટી બોર્ડ, ગાંધીનગરના ઉપયોગ સારું સને ૨૦૧૩ના મોડેલના વાહનો ટાટા સુમો ગોલ્ડ, મહીન્દ્રા બોલેરો, સ્કોર્પીયો, તવેરા, ટાટા ઈન્ડીગો અને ઈન્ડીકા ભાડા માટે ટેન્ડર મંગાવવામાં આવે છે. ટેન્ડરનું ફોર્મ અને શરતો અત્રેની કચેરી ગુજરાત બાયોડાયવર્સિટી બોર્ડ, અરણ્ય ભવન, બ્લોક બી, ૫મો માળ, સેક્ટર-૧૦/એ ગાંધીનગર ખાતેથી બપોરના ૧૧.૦૦ થી ૧૮.૦૦ કલાક દરમિયાન તારીખ ૧૨-૮-૨૦૧૩ થી તા. ૧૪-૮-૨૦૧૩ સુધીમાં મળશે. ટેન્ડર ફોર્મની કિંમત રૂ. ૫૦૦/- રહેશે. ટેન્ડર સાથે ડીપોઝીટ પેટે રૂ. ૧૦,૦૦૦/-નો 'સભ્ય સચિવશ્રી, ગુજરાત બાયોડાયવર્સિટી બોર્ડ, ગાંધીનગર'ના નામનો રાષ્ટ્રીયકૃત બેંકનો ડીમાન્ડ ડ્રાફ્ટ જમા કરાવવાનો રહેશે. ભરેલા ટેન્ડર તારીખ ૧૭-૮-૨૦૧૩ સુધીમાં બપોરના ૧૨.૦૦ કલાક સુધી બોર્ડની કચેરીમાં સ્વીકારવામાં આવશે અને ટેન્ડર તારીખ ૧૭-૮-૨૦૧૩ના રોજ બપોરે ૧૩.૦૦ કલાકે ખોલવામાં આવશે.
માહિતી/૯૪૫/૧૩-૧૪ (ડૉ. એ. પી. સિંહ)
સભ્ય સચિવ

## શબ્દાવલી - ૫૧૪૩

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | | ■ | ૩ | ૪ | ૫ |
| | ■ | | ■ | ૬ | | | |
| ■ | ૭ | | | ■ | ૮ | | ■ |
| ૯ | | | ■ | ૧૦ | ■ | ૧૧ | ૧૨ |
| | ■ | ■ | ૧૩ | | ૧૪ | ■ | |
| ૧૫ | ૧૬ | | | ■ | ૧૭ | ૧૮ | |
| ■ | | ■ | ૧૯ | | | | ■ |
| ૨૦ | | | | ■ | ૨૧ | | |

### આડી ચાવી

૧. મહાભારતનાં યુદ્ધનું મેદાન (૪)
૩. ખારવા, નાવનાં હાંકનારા (૩)
૬. સાત સુરોનું બંધારણ (૪)
૭. મડદા ઉપર ઓઢાડાતું વસ્ત્ર (૩)
૮. પ્રેમનું અંગ્રેજી (૨)
૯. નારિયેલ (૩)
૧૧. ગપ્પુ (૨)
૧૩. બંધારણનું વિશિષ્ટ માળખુ (૩)
૧૫. વૈરાગ્ય (૪)
૧૭. શિવનું વાદ્ય, ડુગડુગી (૩)
૧૯. છૂટનો સમય, મુદત (૪)
૨૦. જંગલમાં તપ કરનાર ઋષિઓની જગ્યા (૪)
૨૧. કપાળના બંને બાજુ છેડાનો ભાગ (૩)

### ઊભી ચાવી

૧. કૂવો (૨)
૨. ક્ષેત્રનો વિસ્તાર (૪)
૩. ચટણી વાટવાનો પથ્થર (૩)
૪. ઓળખાણનો ઉપયોગ, વગ (૪)
૫. ખેતર, સીમાડો (૨)
૭. ખાંસીના રોગમાં... થાય (૨)
૯. એક પ્રસિદ્ધ અભિનેત્રી (૩)
૧૦. સરખું (૨)
૧૨. લાકડાનું પાટીયું ને લોખંડનું ... કહેવાય (૩)
૧૩. આવવું તે, ... થવું (૪)
૧૪. નક્કર, નકોર (૪)
૧૬. લીલુ નારિયેળ (૩)
૧૮. ગડગુમડ પર લગાવાતી દવા (૩)

### શબ્દાવલી ૫૧૪૨ના જવાબ

**આડી ચાવી :-** (૧) ઘસારો (૩) લવકુશ (૬) નવેસર (૭) મસક (૮) રખડુ (૧૦) કોકો (૧૧) તુરંગ (૧૪) મરજી (૧૬) ગાગર (૧૭) સાટીન (૧૮) રજ (૧૯) જમીનદાર

**ઊભી ચાવી :-** (૧) ધસમસતુ (૨) રોનક (૩) લસરકો (૪) વરખ (૫) શણ (૯) દુક્કર (૧૨) રંગાટી (૧૩) ગગન (૧૪) મહાજન (૧૫) જીણોદ્ધાર (૧૭) સાખ (૧૮) રમી